ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૮-૨૦13, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### કમનશીબ રેલ-દુર્ઘટના

બિહારના ખગડિયા પંથકમાં ધમારઘાટ સ્ટેશન પાસે થયેલ રેલ દુર્ઘટના આપણી સામે એકસાથે અનેક સવાલ ખડા કરે છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી ગણાતા હિંદુસ્તાન પાસે વિશ્વની ઉત્તમોત્તમ રેલવે પરિવહન વ્યવસ્થા ઊભી થઈ શકે એવી શકયતા છે પરંતુ ભારત જનમાનસમાં એ માટે જરૂરી એવું સંકલ્પબળ કે શિસ્ત નથી. ટેકનિકલ ખામીને કારણે માનવસર્જિત અકસ્માતોની આપણે ત્યાં નવાઈ નથી રહી. અંગ્રેજોએ એમના શાસનકાળ દરમિયાન ભારતને કેટલીક યાદગાર ભેટો આપી એમાં રેલવે અને તારટપાલ સુવિધા મુખ્ય છે. આપણી પાસે દુનિયામાં લાંબામાં લાંબા રેલવે નેટવર્ક પૈકીનું સર્વશ્રેષ્ઠ નેટવર્ક છે. હવે તો આ નેટવર્ક દુર્ગમ પહાડી વિસ્તારો સુધી વિસ્તર્યું છે. થોડા વખત પહેલાં સોનિયા ગાંધીએ કાશ્મીર ખીણમાં રેલવેના શ્રીગણેશ કરાવ્યા તે પછી તો દેશ ગૌરવ લઈ શકે કે અમારી દશે દિશાઓ રેલવેથી જોડાયેલી છે. અગાઉ જમ્મુત્વી એ ઉત્તર રેલવેનું છેલ્લું ટર્મિનસ હતું તેને બદલે હવે ટ્રેન બારામુલ્લા અને શ્રીનગર સુધી જઈ શકશે. દર વર્ષે બજેટ સત્રમાં આપણી સંસદમાં રેલવે બજેટ અલગથી રજૂ થતું હોય છે. દેશની અર્થવ્યવસ્થામાં ભારતીય રેલવેનું આગવું મહત્વ છે. રેલવેને આપણા દેશની 'લાઈફ લાઈન'- જીવન રેખાનું બિરુદ સાંપડ્યું છે તેમાં ખાસ્સું ઔચિત્ય છે. આજે દેશની બહુસંખ્યક પ્રજા માટે રેલવે જ પ્રવાસ માટેની સૌથી સરળ અને સલામત(?) વ્યવસ્થા પૂરી પાડે છે. ચોવીસે કલાક આપણી રેલવે ધમધમતી રહે છે. પ્રવાસી ટ્રેનો જેટલી જ માલવાહક ટ્રેનો દોડતી રહે છે. સામાન્ય પ્રજાને પોસાય એવા દરે એ ટ્રેનો દોડતી રહે છે. સામાન્ય પ્રજાને પોસાય એવા દરે એ ટ્રેનની મુસાફરી કરી શકે, એ બાબતનું કેન્દ્ર સરકાર પણ ધ્યાન આપતી રહે છે. છેલ્લાં ઘણાં વર્ષોથી બીજા વર્ગનું ભાડું વધારાયું નહોતું. થોડોઘણો વધારો થતો રહેતો તે ફક્ત વાતાનુકૂલિત વર્ગમાં પ્રવાસ કરતાં સુખિયાં લોક પૂરતો સીમિત રહેતો હતો. જનસાધારણની અવરજવર માટે રેલવે ખરેખર આશીર્વાદરૂપ ઘટના હતી અને છે, પરંતુ સૈકા જૂની થયા પછી પણ એમાં અસંખ્ય ખામીઓ રહેવા પામી છે તે કઠોર વાસ્તવના પરચા પણ અવારનવાર મળતા રહ્યા છે. બિહારની દર્દનાક દુર્ઘટના પછી તો એમ જ લાગે કે હિંદુસ્તાનની જીવનરેખા ગણાતી રેલવે જાણે માણસનું લોહી ચાખી ગયેલી માનવભક્ષી ચંડિકા બની ગઈ છે. અલબત્ત, આવા અકસ્માતો સરજાય છે ત્યારે સ્વાભાવિક રીતે જ પોતાની કશી જવાબદારી ન બનતી હોય એમ રેલવે ખાતું તો હાથ ખંખેરીને ઊભું થઈ જાય છે. માણસોએ પોતાની સલામતીનો ખ્યાલ રાખીને જ પાટા ઓળંગવા જોઈએ, પરંતુ આપણી ભલીભોળી પ્રજાને એકવીસમી સદીનાં તેર વર્ષ પૂરાં થવા આવ્યાં ત્યાં સુધી આવી ટ્રાફિક સેન્સ કેળવવામાં મુશ્કેલી પડી રહી છે. બિહારની તાજેતરની રેલવે દુર્ઘટનામાં રેલવે કરતાં વિશેષ તો સ્થાનિક વહીવટી તંત્ર અને સૌથી વધારે તો પ્રજા પોતે જ જવાબદાર લાગે છે. કાત્યાયની મંદિરે પહોંચવાની ઉતાવળમાં શ્રદ્ધાળુ કાવડિયા આસપાસ નજર કરવાનું પણ ભૂલી ગયા અને સહરસાથી પટણા વચ્ચે દોડતી 'રાજરાણી' એકસપ્રેસની હડફેટે ચડી જિંદગી ખોઈ બેઠા. જો મેળાના વ્યવસ્થાપકોએ રેલવેના પાટા પર ટ્રાફિક નિયમનની સુચારુ વ્યવસ્થા ગોઠવી હોત તો કદાચ આ કમનસીબ 'આત્મઘાતી' દુર્ઘટના નિવારી શકાઈ હોત. પરંતુ આવી દુર્ઘટનાઓ માંથી લોકો કોઈ જ બોધપાઠ લેતા નથી. હજારો લોકો રેલવે ટ્રેનમાં છાપરાં પર બેસી જીવના જોખમે મુસાફરી કરતા રહે છે. પુલ પર ચઢી સલામત રીતે પાટા ઓળંગવાને બદલે સીધા જ રેલવેના પાટા પર થઈ પ્લેટફોર્મ પર પહોંચી જવા ટેવાયેલા મુસાફરોને રેલવે પ્રશાસન પણ અટકાવી શકતું નથી. આવા અકસ્માતો આપણી બેદરકારી અને 'શોર્ટકટ- સાઈકોલોજી' નું પરિણામ છે.

## નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરે અક્ષય ઊર્જા દિન ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૨

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા રાજીવ ગાંધી અક્ષય ઊર્જા દિન નિમિત્તે સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૩માં ઊર્જા પ્રદર્શન અને ઊર્જાની માહિતી આપતું વક્તવ્ય તાજેતરમાં યોજાયું હતું. સ્વ. રાજીવ ગાંધીએ કુદરતી ઊર્જા સ્રોતોનો વપરાશ વધારવા અને ઊર્જા મેળવવાની જે ચળવળ શરૂ કરી હતી તેના પગરણ સ્વરૂપે બાળકોને વિશિષ્ટ માહિતી આપવામાં આવી હતી.

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં ૨૦મી ઓગષ્ટ રાજીવ ગાંધી અક્ષય ઊર્જા દિન તરીકે ઉજવાય છે. જ્યારે દુનિયામાં દિવસે ને દિવસે ઊર્જાની કટોકટી થઈ રહી છે ત્યારે લોકો પરંપરાગત ઊર્જા સ્રોતોનો ઉપયોગ મર્યાદિત કરીને બીજા પરંપરાગત ઊર્જા સ્રોતોનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરે તે હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીએ કુદરતી ઊર્જા સ્રોતો જેવા કે સૂરજ, હવા અને પાણીમાંથી ઊર્જા મેળવવાની ચળવળ શરૂ કરી હતી.

નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે વિવિધ કાર્યક્રમો દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા સેક્ટર-૧૩ની સરકારી પ્રાથમિક શાળામાં ઉર્જાની માહિતી આપતુ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનો ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે સેક્ટર-૨૩ સરકારી પ્રાથમિક સ્કૂલના શિક્ષક ધવલભાઈ અને રાજુભાઈ તેમજ નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના કોમ્યુનીકેટર શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.




સ્માર્ટ કાર્ડ સ્ટોકમાં છે...?? ઈલેક્ટ્રોનીક ટ્રેકમાં ભડાકા થાતા નથીને...!! ... તો તમે ઝાડ પર ચડી જાવ... હું ટ્રાયલ આપવા ગાડી ચાલુ કરું છું...!!



અમદાવાદ ખાતે યજાયેલ 'રોક યોર ફીટ' ઈન્ટર સ્કુલ ડાન્સ કોમ્પીટીશનમાં ફાઈનલમાં સેન્ટ ઝેવિયર્સ સ્કુલની જીલ ભટ્ટ અને ચૈતન્ય સ્કુલની દીયા પરીખે અદભૂત પરફોમન્સ આપીને ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે. ફાઈનલમાં ડીઆઈડી અને એબીસીડી ફિલ્મનાં સલમાન જજ તરીકે હાજર રહેલ હતાં.

## એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૨૨

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ અને કોમર્સ કોલેજમાં તાજેતરમાં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજવંદન સાથે સ્વચ્છતા અંગેનો સંકલ્પ તથા વૃક્ષારોપણ અને રક્ષાબંધનની ઉજવણી કરતા વિશિષ્ટ કાર્યક્રમો યોજાઈ ગયા.

કોલેજમાં ૬૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે ધ્વજવંદન કરવામાં આવ્યુ હતુ અને ડૉ. યોજેશ રાજગોર અને ડૉ. ભાગીરથી કેતન ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને સંસ્થામાં કોઈપણ પ્રકારની ગંદકી ન કરવા અને શિસ્ત જાળવવા તેમજ કોઈપણ પ્રકારનું વ્યસન નહીં કરવાના સંકલ્પ લેવડાવ્યા હતા. કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા દત્તક ગામ પાલજમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. પાલજમાં સ્વયંસેવકોએ ફળાઉ તથા આયુર્વેદિક ત્રીસેક જેટલા રોપાઓ વાવ્યા હતા. આ પ્રસંગે વનશ્રી ટ્રસ્ટના પ્રમુખ અંજના નિમાવત સહભાગી બન્યા હતા. સમાજમાં એઈડ્સ જાગરૂકતા માટે એચ.આઈ.વી. પીડિતો સાથે રક્ષાબંધનની ઉજવણીનો પણ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય આશય વિદ્યાર્થીઓ એઈડ્સના રોગની ગંભીરતાને સમજે અને તે આ રોગનો શિકાર ન બને તે માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ડૉ. યોગેશભાઈ રાજગોર અને પ્રા. શોભનાબેન, ડૉ. ભગીરથી ભટ્ટે જરૂરી સહયોગ આપ્યો હતો.

## જલારામ સેવા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

જલારામ સેવા સમાજ દ્વારા તાજેતરમાં જલારામ ધામ, સેક્ટર-૨૯ ખાતે ધોરણ ૧ થી ૧૨ અને સ્નાતક અનુસ્નાતક કક્ષાનાં તેજસ્વી તારલાઓને સન્માનીત કરવાનો વિદ્યા પુરસ્કાર સમારોહ યોજાયો હતો.




વિદ્યાર્થી સન્માન કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ, નોટબુક, ચોપડા, ભગવદ ગીતા અને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. મહેમાન રાજેન્દ્રભાઈ આનંદ (પાલનપુર), ધારાસભ્ય શંભુજી ઠાકોર, અશોકભાઈ પટેલ, ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના અગ્રણી અમૃતભાઈ ઠક્કર, અરવિંદભાઈ ઠક્કર, જિતેન્દ્રકુમાર સેજાણી, રમેશભાઈ પૂજારા, રમેશભાઈ તન્ના, બિપીનભાઈ ઠક્કર અને કિશોરભાઈએ કાર્યક્રમમાં વિશેષ યોગદાન આપ્યું હતું. ધો-૧૦ની ટ્રોફી દિવ્યાંગ પૂજારાને ધો-૧૨ની ટ્રોફી દર્શન ગોવાળી, કુ. નિમા ઠક્કરને એનાયત કરવામાં આવી હતી.

## કે.બી. ફાર્મસી કોલેજ ખાતે એપોકેલીપસ-૨૦૧૩નું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

કે.બી. ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજયુકેશન અને રીસર્ચ દ્વારા વાર્ષિક પ્રિમિયમ ઈવેન્ટ એપોકેલીપસ-૨૦૧૩નું આયોજન આગામી તા. ૨૩ અને ૨૪ ઓગસ્ટ દરમિયાન કે.બી. ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટીકલ કોલેજ, સે-૨૩ ખાતે કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ માટે ગ્રુપ ડીસ્કશન, કોર્પોરેટ વોક, ટેલીફોનીક ઈમેલ ઈન્ટરવ્યુ, કવીઝ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, કેસ સ્ટડી જેવા કાર્યક્રમો યોજવામાં આવશે.



નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા સદ્ભાવના દિવસનાં ભાગરૂપે સેક્ટર-૧૬ સ્થિત અંધશાળાનાં બાળકોને ફ્રુટ, બિસ્કિટ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નહેરુ યુવા કેન્દ્ર રજનીકાંતભાઈ સુથાર વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

## આપણા ગાંધીનગર નિવાસી આ ગાયિકાએ જળની જેમ પોતાનો મારગ ગોતી લીધો છે, અને એમની સાધનાને પ્રવાહ મળી રહ્યો છે, માટે જ તેઓ ગુજરાતના જાણીતા ગાયિકા બની રહ્યા છે!

૧૯૮૧ ની સાલની એક સાંજ, સેક્ટર-૨૨ના રંગમંચ પર પ્રમોદભાઈ દ્વારા એક ડાયરો 'સ્વર સંધ્યા' નું આયોજન થયું હતું. જેમાં પુષ્પાબેન દૂધરેજીયા જેવા જાણીતા કલાકાર ભાગ લેવાના હતા અને જેની પાસે ૫૦ પૈસા ટીકીક હતી. ૧૯ વર્ષની એક દીકરી તેના પિતા સાથે પડોશીની સાઈકલ માંગીને રંગમંચ પર પહોંચે છે. બાપે પ્રમોદભાઈ અને પુષ્પાબેનને વિનંતી કરી. મારી દીકરી સારૂં ગાય છે એને એક ગીત ગાવા આપશો? કાકલુદી કરતા બાપે કહ્યું છેલ્લે ગાવા દેશો તો પણ ચાલશે! આયોજકોએ કહ્યું તમે બેસો અમે બોલાવીએ તો આવજો. ડાયરો શરૂ થઈ ગયો, બે કલાક વીતી ગયા પણ આ દીકરી નો વારો આવ્યો નહીં. દીકરીની રડતી આંખો જોઈને પિતા એ વળી પ્રમોદભાઈને ઈશારાથી પૂછ્યું. છેલ્લો અડધો કલાક જ બાકી હોવાથી બાપ-દીકરીની વિનંતીને માન આપીને ડાયરામાં એક ગીત ગાવાનું વિનંતીને માન આપીને ડાયરામાં એક ગીત ગાવાનું કહેવામાં આવ્યું. અને ભાવવિભોર દીકરીએ લોકગીત રજૂ કર્યું હતું...' રામનાં બાણ વાગ્યા મુને હરિના બાણ વાગ્યા...' અને શ્રોતાઓનાં 'વન્સ મોર' સાથે દીકરીને ગાંધીનગરાઓ એ વધાવી લીધી. આ દીકરી એ આજની જાણીતી ગાયિકા કાશ્મીરાબેન ગોહેલ.

તા. ૯-૮-૬૧માં અમદાવાદ જન્મેલા કાશ્મીરાબેનનું વતન બોટાદ, ભાવનગર જિલ્લો. પિતા - જયંતિભાઈ જાદવજી ગોહેલ અને માતા શાંતાબેન ગોહેલની સુપુત્રી. કાશ્મીરાબેને અમદાવાદની ગોરધનદાસ ચુનીલાલ હાઈસ્કૂલમાંથી એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો. નાનપણથી જ કાશ્મીરાબેનને ગાવાનો શોખ. શાળામાં નિત્ય પ્રાર્થના કાશ્મીરા કરે. 'સંગીત' વિષયમાં હંમેશા પ્રથમ રહેનાર કાશ્મીરબેને શાળામાં અનેક કાર્યક્રમોમાં ભાગ લીધો.


૧૯૭૮ માં ગાંધીનગરના હાઉસિંગ, સેક્ટર-૨૪માં મકાન મળતાં જયંતિભાઈનું કુટુંબ ગાંધીનગર સ્થાયી થયું. પિતાની સામાન્ય આર્થિક સ્થિતિ કારણે માતા-પિતા અને ચાર બહેનોનું કુટુંબનું ભરણપોષણ કરવાનું અઘરૂં હતું. આથી કાશ્મીરાબેન સિલાઈ કામ, સાડી-ફોલ-બીડીંગ ઉપરાંત ઘઉં સાફ કરવા વિ. કામ કરીને પિતાનો આર્થિક બોજો હળવો કરતી.

માતાજી અને મા-બાપના આશીર્વાદથી મળેલા કંઠથી કાશ્મીરાબેને પિતાની આર્થિક સ્થિતિમાં મદદ કરવાનું નક્કી કર્યું. અને ૧૯૮૧ માં યોજાયેલ ડાયરામાં ભાગ લઈને પ્રથમ વખત જાહેર કાર્યક્રમોમાં ગાવાનું શરૂ કર્યું. ગાંધીનગરના જાણીતા કલાકારો ગોવિંદભાઈ ગઢવી અને શિવરામભાઈ શ્રીમાળી સાથે પરિચય થયો અને કાશ્મીરાબેનના કંઠની તાકાત પારખીને તેઓએ સાથે કાર્યક્રમોમાં ગાવાનું આમાંત્રણ આવ્યું. ધીમે ધીમે કાશ્મીરાબેનના ગીતોને સફળતા મળવા લાગી અને પછી તો બરાબર તો રંગ લાગી ગયો! પિતાના સહકાર અને પ્રોત્સાહનથી ગાયન ક્ષેત્રે કાશ્મીરાબેને પોતાનું ચોક્કસ સ્થાન બનાવી લીધું. અનેક ડાયરાઓમાં કાશ્મીરાબેને પોતાનું ચોક્કસ સ્થાન બનાવી લીધું. અનેક ડાયરાઓમાં કાશ્મીરાબેન ગાવા જવા લાગ્યા. તે સમયે એકાદ ગીત ગાવા મળે અને રૂા. ૫૦/- પુરસ્કાર, પરંતુ પિતા-માતા અને નાની બહેનોની જવાબદારી તેમની હોવાથી એક ગીત માટે આખી રાત બેસી રહેવું પડતું છતાં તેનો પણ તેમને આનંદ હતો.

અશ્વિનભાઈ જોષી (મા-બાપને ભૂલશો નહી ફેઈમ), વાડજ સાથે કાર્યક્રમોમાં કાશ્મીરાબેન અને ભીખુધાન ગઢવીએ ગાવાનું શરૂ કર્યું. અશ્વિનભાઈ તેમજ જીતુદાન ગઢવી આયોજિત અનેક ડાયરામાં પણ ગાવાનું શરૂ કર્યું. હલક ભર્યા મધુરા કંઠથી કાશ્મીરાબેન અને ભીખુદાન ના હોય તો પ્રેક્ષકો દેકારો કરી મુકે એવી પરિસ્થિતિ સામે કાશ્મીરાબેને ડાયરામાં જવું જ પડે, અને પ્રેક્ષકોની માંગણી સંતોષવી પડતી. ડાયરાના અને વિખ્યાત કલાકારો બાલકૃષ્ણભાઈ દવે, પ્રફુલ્લ દવે, અભેસિંહ રાઠોડ, પ્રવિણ ગઢવી, કુંદન ગઢવી, બિહારી ગઢવી વિ. સાથે અનેક ડાયરામાં ભાગ લઈને કાશ્મીરાબેને પોતાની ગાયકીથી ચાહના મેળવી છે.

### કેફિયત કલાસાધકની

- આશા સરવૈયા



૧૯૮૨માં આકાશવાણી રેડીયો પરીક્ષામાં પ્રથમ ટ્રાયલમાં પાસ થઈને 'બી હાઈ' કલાકાર તરીકે કાશ્મીરાબેને માન્યતા મેળવી છે. દૂરદર્શન પર પણ કાશ્મીરાબેને અનેક કાર્યક્રમો આપ્યા છે. ૧૯૮૨માં ગોવિંદ મેર સંકલિત 'નવ નારી રત્ન' કાર્યક્રમમાં જાણીતા નવ લોક ગાયિકાઓ દિવાળીબેન ભીલ, દમયંતી બરડાઈ, વત્સલા પાટીલ, ભાવનાબેન લાબડિયા વિ. સાથે કાશ્મીરાબેને પોતાના ગીતો રજુ કરીને દર્શકોની જબરી ચાહના મેળવી હતી.

કાશ્મીરાબેનની કલાસફર વાયુ વેગે ઉડવા લાગી. ગાંધીનગરમાં યોજાતી સેકટરોની નવરાત્રીમાં વર્ષો સુધી કાશ્મીરાબેને રાસ-ગરબાની રસલ્હાણ કરાવી છે. ભૂપતભાઈ ભૂતડીયા આયોજિત સેક્ટર-૧૭ની નવરાત્રિમાં સળંગ બાર વર્ષ સુધી કાશ્મીરાબેને ગરબાની રમઝટ બોલાવી છે. ઉપરાંત સેક્ટર-૨૨, ૨૩, ૨૮, ૨૯ અને ૨૧ની માંડવીઓમાં પણ વર્ષો સુધી ભક્તોને ભક્તિરસમાં તરબોળ કર્યા છે. અને ખેલૈયાઓને ગરબે ઘુમાવ્યા છે. સેક્ટર-૪ ના ઓમકારેશ્વર મંદિર ખાતે યોજાતા અનેક કાર્યક્રમોમાં કાશ્મીરા બેને કંઠના કામણ પાઠર્યા છે. ગાંધીનગર જિલ્લાના વડુ, વેડા, દહેગામ, ઝુલાસણ, નારદીપુર, પલીયડ, કોઠા, ડાંગરવા, કડી, કલોલ, વિ. સ્થળોએ ડાયરાઓ અને લગ્નગીતોના કાર્યક્રમો રજૂ કરીને લોકચાહના પ્રાપ્ત કરેલ છે.

જાણીતી ગાયક બેલડી મહેશ-નરેશ કનોડીયા, મણિરાજ બારોટ વિ. સાથે પણ કાશ્મીરાબેનના અનેક કાર્યક્રમો રજૂ થયા છે. કાશ્મીરાબેનની અનેક ઓડીયો કેસેટ બની છે. જેમાં ગોધરાનું ગાડું, અંબેમાના ધામમાં, સોનાનો ગરબો, કાર્તિકનો મેળો (ગોપાલ બારોટ સાથે) સડક વચ્ચે છાપરી (મણિરાજ બારોટ સાથે) વિ. મુખ્ય છે. મણિરાજ બારોટ સાથે બનેલી કાશ્મીરાબેનની વીડિયો કેસેટ 'પ્રેમી પંખીડા' ખૂબ જ લોકપ્રિય બની હતી. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી દિગ્દર્શિત ફિલ્મ 'માનવીની ભવાઈ' માં કાશ્મીરાબેન અને ભીખુદાન ગઢવીએ લગ્નગીતો (ફટાણા) રજૂ કર્યા છે, જેને આજે પણ લોકો લગ્નપ્રસંગોમાં ગાતા નજરે પડે છે.

આ જ સમયમાં આણંદ ખાતે યોજાયેલ ડાયરામાં જાણીતા કલાકાર કરસન સાગઠીયા સાથે કાશ્મીરાબેને રજુ કરેલું ગીત 'હાલો હાલોને કીડીબાઈની જાનમાં..' રજૂ કરીને 'વન્સ મોર' મેળવ્યો હતો. ગાંધીનગર ટાઉનહોલ ખાતે મહેશ-નરેશના કાર્યક્રમોમાં નરેશ કનોડિયા સાથે 'ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય....' રજૂ કરીને 'વન્સમોર' મેળવ્યો હતો. ગાંધીનગર સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે ઉપેન્દ્રભાઈ ત્રિવેદીના સન્માન અર્થે યોજાયેલ કાર્યક્રમમાં કાશ્મીરાબેન અને ભીખુદાનભાઈ એ અહાંગળો... રજૂ કરીને શ્રોતાઓની અદ્ભૂત ચાહના મેળવી હતી. આ ઉપરાંત દહેગામના સાગરભાઈના સહકારથી અનેક કાર્યક્રમો કાશ્મીરાબેને કર્યા છે.

કાશ્મીરા ગોહેલ આજે તો કલાકારોમાં આગળ પડતું નામ છે. કોઈ પરંપરા કે તાલીમ એમને વરેલી નથી. પરંતુ ગાવાનો શોખ, હૈયા સુઝ અને મા ના આશિષથી એમને લોકગીતોને લડાવ્યા છે. આપણા ગાંધીનગર નિવાસી આ ગાયિકાએ જળની જેમ પોતાનો મારગ ગોતી લીધો છે, અને એમની સાધનાને પ્રવાહ મળી રહ્યો છે. માટે જ તેઓ ગુજરાતના જાણીતા ગાયિકા બની રહ્યા છે!

સમગ્ર ગુજરાતમાં અનેક કાર્યક્રમો રજૂ કરીને કાશ્મીરાબેને લોકહૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. લાયન્સ કલબ (મહેસાણા), ચીમનભાઈ પટેલનો શ્રદ્ધાંજલિ કાર્યક્રમ (બોડેલી), જલારામ સેવા સમાજના કાર્યક્રમો ઉપરાંત સરકારશ્રી આયોજિત અનેક ડાયરાઓ, યુવક મહોત્સવો, લોકકલા મહોત્સવો વિ. માં વર્ષો સુધી કાશ્મીરાબેને પોતાની કોકિક કંઠે કાર્યક્રમો રજૂ કર્યા છે, જેને હજારો માણસોએ મન ભરીને માણ્યા છે.

પાવાગઢ ખાતે આસો સુદ ચૌદસે માચીમાં યોજાતા ગરબામાં નારણકાકા તથા જામળા, હિંમતનગરના રાજવી પરિવારનાં મહેન્દ્રસિંહ રાઠોડ દ્વારા યોજિત સળંગ ૧૭ વર્ષ સુધી મહાકાળી માના ગરબા ગાઈને કાશ્મીરાબેને પાવાગઢને ગુંજતું કર્યું હતું. બચુભાઈ ઓડ દ્વારા યોજાયેલ ઓડ સમાજમાં સમુહ લગ્નોમાં કાશ્મીરાબેને અનેક વર્ષો સુધી લગ્નગીતો ગાયા છે. ગણેશ સ્થાપનથી દીકરી વિદાય સુધીના ભાવવાહી ગીતો રજૂ કરીને ઉપસ્થિત મેદનીને ભાવવિભોર કરી દેતા હતા.

'આજ વગડાવો વગડાવો રૂડાં શરણાયું ને ઢોલ,' 'હાલી હાલીને મારા પગડા તલવાણા' વિ. જેવા કાશ્મીરાબેન - ના પ્રિય ગીતોને તેમના કંઠે સાંભળવા તે પણ લ્હાવો છે.

ગાંધીનગરની અનેક સંસ્થાઓમાં, યુવક મહોત્સવો અને રાજય કક્ષાની અનેક સંગીત સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે વર્ષોથી કાશ્મીરાબેન સેવા આપે છે.

કાશ્મીરાબેનની ગાયકી પર વારીને તેઓ સાથે લગ્નગ્રંથીથી જોડાયેલા કાશ્મીરાબેનના પતિ ચીનુભાઈ અને પુત્ર વિમલ (રાઈફલ શુટીંગમાં જિલ્લા અને રાજય કક્ષાએ વિજેતા) - બંનેના સાથ સહકારથી કાશ્મીરાબેને આ અજોડ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. ૧૯૯૨ થી પતિની ઈચ્છા અને પોતાની માસ્ટરી જેમાં છે તેવા લગ્નીગોત અને ગરબાના જ કાર્યક્રમો કાશ્મીરાબેન કરે છે. ગાંધીનગર અને ગુજરાતના અનેક મહાનુભાવોના ઘરે લગ્ન પ્રસંગોમાં કાશ્મીરાબેને કાર્યક્રમો રજૂ કર્યા છે. પરદેશથી અનેક વખત કાર્યક્રમો માટે આમંત્રણ મેળવેલા કાશ્મીરાબેને કુટુંબની જવાબદારી હોવાથી પ્રેમપૂર્વક પુરૂં પાડ્યું છે.

લગ્નીગોત-ગરબાના સતત કાર્યક્રમો કરતા કાશ્મીરાબેન પિતા અને માતાના આશીર્વાદથી એક ખ્યાતનામ કલાકાર બની શક્યા છે એમ કહેતા ગૌરવ અનુભવે છે.

આવા ગરબા કલાકારોથી રણઝણતી, લોકકલાથી ધબકતી આપણા હરિયાળા પાટનગરની ધરતી, ગરબાના સુરથી ભીંજાતુ નગર, લીલા ઝાડવા અને ફોરમ ફેલાવતા ફુલડાની વચ્ચે ગુજરાતના લોકસંગીતને જીવંત રાખનાર આપણા પોતીકા કલાકાર કાશ્મીરાબેનને ખૂબ ખૂબ વધામણી...